દાખલ કર્યા તારીખ – ૦૨–૦૫–૨૦૧૬
રજીસ્ટર્ડ કર્યા તારીખ – ૦૨–૦૫–૨૦૧૬
ફેંસલ કર્યા તારીખ – ૧૧–૦૩–૨૦૨૦
સમયગાળોઃ ૦૩ વર્ષ ૧૦ માસ ૧૦ દિવસ

**ધોરાજીના મે. એડીશનલ સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં,**

**મુ. ધોરાજી.**

**સ્પે.દિ.કેસ નં. ૧૧–૨૦૧૬**

**આંક–૬૦**

વાદી – શરીફભાઈ ચકુભાઈ શક્કરીયાણી

ઉં.આ.વ.–૫૪, ધંધો–ખેતી તથા વેપાર,

રહેવાસીઃ કુલવાડી, ધોરાજી.

વિરૂદ્ધ

પ્રતિવાદી – ગુજરનાર ચંદુલાલ લાલજીભાઈ પટોળીયાના વારસો

આંક–૪૭ અને (૧) વનીતાબેન ચંદુભાઈ પટોળીયા તે ગુજરનારના વિધવા

પર ના હુકમ મુજબ ઉં.આ.વ.–૬૮, ધંધો–ઘરકામ,

વારસો જોડ્યા. (૨) દિપેનભાઈ ચંદુભાઈ પટોળીયા

ઉં.આ.વ.–૪૫, ધંધો–વેપાર,

(૩) ડૉ. આકાશ ચંદુભાઈ પટોળીયા

ઉં.આ.વ.–૪૦, ધંધો–ડૉક્ટર,

(૪) હિતાબેન ચંદુભાઈ પટોળીયા

ઉં.આ.વ.–પુખ્ત, ધંધો–ઘરકામ,

તમામ રહેવાસીઃ આનંદ નગર,

રેલ્વે સ્ટેશન પાસે, ધોરાજી.

<u>બાબત – રૂા. ૧૭,૦૦,૦૦૦/– તથા નોટીસ ખર્ચના</u>

<u>રૂા. ૨,૦૦૦/– વસૂલ મેળવવા.</u>

| |
|---|
| વાદી પક્ષે વિ.વ.શ્રી આર.એસ. પટેલ. |
| પ્રતિવાદીઓ પક્ષે વિ.વ.શ્રી કે.એમ. જાગાણી. |

## .।। **ઠરાવ** ।।.

(૧) વાદીના દાવાની બીના છે કે, વાદી ખેતીકામ કરે છે એહમદ રઝા નામની કાલાકપાસની કમીશન એજન્ટની પેઢી છે તેમજ પ્રેસ રીપોર્ટર છે. પ્રતિવાદી વાદીના ખાસ મિત્ર છે અને અવારનવાર વગરવ્યાજે વાદી પાસેથી નાણાં હાથઉછીના લઈ જાય છે. પ્રતિવાદીએ ઈશાકભાઈ દાઉદભાઈ પાસેથી રૂા. ૧૩,૨૦,૦૦૦/– હાથઉછીના લીધેલા હતા અને તે ચુકવવા માટે ચેક આપેલો હતો. પરંતુ ચેક મુજબની રકમ ખાતામાં જમા કરાવી શકેલ ન હતા અને ઈશાભાઈ દાઉદભાઈને પ્રતિવાદી સાથે સારા સંબંધો હોય પ્રતિવાદીએ તે રકમ ચુકવવાની હતી. તે ઉપરાંત પ્રતિવાદીએ કૌટુંબિક જરૂરિયાત માટે વધુ રકમની જરૂરત હોય

વાદી પાસેથી રૂા. ૧૭,૦૦,૦૦૦/– વગરવ્યાજે હાથઉછીના લીધા હતા. જે રકમ પરત ચુકવવા પ્રતિવાદીએ રાજકોટ નાગરીક સહકારી બેન્ક લી., ધોરાજી શાખાનો રૂા. ૧૭,૦૦,૦૦૦/– નો ચેક આપેલો. તે ઉપરાંત પ્રતિવાદીએ તા. ૮–૪–૧૪ ના રોજ વાદીના લેણાનું અંગીકરણ અને તે રકમ પરત ચુકવવા માટે ચેક લખી આપ્યાનું કબૂલાત કરતો કરાર નોટરી રૂબરૂ લખી આપેલ. જે ચેક વાદીએ તા. ૫–૨–૧૫ ના રોજ બેન્કમાં ભરતા ફન્ડ ઈનસફીસીયન્ટના શેરા સાથે પરત આવેલો. જેથી ફરિયાદીએ આરોપીને નોટીસ આપેલી અને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબની નોટીસ આપેલી. જે બજવા છતાં આરોપીએ રકમ નહીં આપતા ફો.કે.નં. ૨૨૨/૨૦૧૫ નો દાખલ કરેલો. પ્રતિવાદીએ વાદીને જો નક્કી થયા મુજબ રકમ પરત આપી દીધી હોત તો તે ખેતીકામમાં ઉપયોગમાં લઈ શક્યા હોત પરંતુ પ્રતિવાદીએ રકમ પરત આપેલ નથી. જેથી વાદીને ૧૮% વ્યાજની ખાધ ગયેલ છે તેમજ નોટીસ ખર્ચના રૂા. ૨,૦૦૦/– મેળવવા હક્કદાર થયા છે. જે વસૂલ મેળવવા હાલનો દાવો દાખલ થયો છે.

(૨) હાલનો દાવો દાખલ થતાં પ્રતિવાદી વિરૂદ્ધ સમન્સ કાઢવામાં આવેલ હતો. જે સમન્સ બજતા પ્રતિવાદીએ હાજર થઈ આંક–૧૦ થી તેમનો જવાબ રજુ કરેલો છે. પ્રતિવાદી ચાલુ દાવે મરણ જતાં તેમના વારસોને દાખલ કરવામાં આવેલા છે. જેમણે પ્રતિવાદીનો આંક–૧૦ વાળો દાવા જવાબ કબૂલ રાખવાનું પુરસીસથી જાહેર કરેલ છે. પ્રતિવાદીએ તેમના જવાબમાં જણાવેલ છે કે, વાદીનો દાવો ખરો નથી, દાવામાં લખેલી વિગતો ખરી નથી. વધુમાં જણાવેલ છે કે, વાદીએ મજબુરીનો લાભ લીધેલ છે. વાદીના દાવાને સમયમર્યાદાનો બાધ નડે છે. વાદી ધીરધારનો ધંધો કરે છે, ઉંચા વ્યાજે નાણાં વસૂલવાનું અને મજબુરીનો ગેરલાભ

લેવાનો ધંધો કરે છે. પ્રતિવાદીએ ઈશાભાઈ દાઉદભાઈ પાસેથી રૂા. ૧૩,૨૦,૦૦૦/– હાથઉછીના લીધા નથી તેમજ તે રકમ પરત ચુકવવા કોઈ ચેક આપેલ નથી. તે રકમ પરત ચુકવવા તથા વધુ નાણાંની જરૂરત હોવાથી વાદી પાસેથી રૂા. ૧૭,૦૦,૦૦૦/– વગરવ્યાજે, હાથઉછીના લીધેલા નથી. તે રકમ ચુકવવા માટે વાદીને ચેક લખી આપ્યાનું ખરૂ નથી અને તા. ૮–૪–૧૪ ના રોજ અંગીકરણ કે કબૂલાત કરતો કરાર લખી આપેલો હોવાનું ખરૂ નથી. વાદીએ ફો.કે.નં. ૨૨૨/૨૦૧૫ ની ખોટી ફરિયાદ આપેલ છે. વાદી કોઈ નોટીસ ખર્ચની રકમ વસૂલ મેળવવા હક્કદાર નથી. ખરી હકીકતે, પ્રતિવાદીએ વાદી પાસેથી પ્રતિવાદીની દીકરી હીનાના અભ્યાસ માટે ભુતવડ કોલેજમાં ફી ભરવા માટે વર્ષ–૨૦૦૯ માં બે સેમેસ્ટર માટે રૂા. ૪૦,૦૦૦/– તથા ૪૦,૦૦૦/– લીધેલા અને ત્યારબાદ ટુકડે–ટુકડે ચાર વખત રૂા. ૧૦,૦૦૦/– તથા એક વખત રૂા. ૨૦,૦૦૦/– એમ કુલ રૂા. ૧,૪૦,૦૦૦/– લીધેલા અને તે સમયે કોઈ લખાણ કરવાનું કહેવામાં આવેલ નહીં અને આ રકમનું ૬% લેખે માસિક વ્યાજ દેવાનું નક્કી થયેલું. પ્રતિવાદીએ તે રકમ વ્યાજ સહિત ટુકડે ટુકડે વર્ષ–૨૦૧૨ સુધીમાં રૂપિયા ચારેક લાખ વસૂલ આપેલ. જેની કોઈ પહોંચ વાદીએ આપેલ નથી અને તે રકમ માત્ર વ્યાજ તરીકે ગણી પ્રતિવાદી પાસેથી વસૂલ કરેલ છે અને ચક્રવૃદ્ધિ વ્યાજ અને મુદ્દલ બાકી છે જે આપવા પડશે અને નહીં આપો તો તમારા દીકરા દીપેનના લગ્ન સમયે તમારા ઘરે આવી તમારૂ આબરૂ બધાની વચ્ચે હલકી કરીશ અને મારા માણસોને મોકલી પ્રસંગ બગાડીશ તેવી ધમકી આપી મજબુરીનો ગેરલાભ લઈ જાન્યુઆરી–૨૦૧૫ માં પ્રતિવાદી પાસે અંગીકરણના કાગળ ઉપર સહી કરાવી અને પાંચ કોરા સહીવાળા ચેક લીધેલ. જેમાંથી એક ચેકમાં પ્રતિવાદી પાસેથી વાદી કહે છે તેવું લખાણ કરાવેલ અને બાકીના ચાર કોરા સહીવાળા ચેક

વાદી પાસે રાખેલા. પ્રતિવાદીને વાદીએ જે રકમ વર્ષ–૨૦૦૯ ની સાલમાં આપેલ, જે વર્ષ–૨૦૧૨ સુધીમાં પ્રતિવાદીએ વ્યાજ સહિત પરત આપી દીધેલ છે. પરંતુ વાદી ઉંચા વ્યાજે ધીરધારનો ધંધો કરતા હોય પોતાની પાસે મોટી રકમ છે તેવું દર્શાવવા અંગીકરણ તથા ચેક લખાવેલ છે. જે મુજબનું કોઈ લેણું બાકી નથી. વાદીએ અસંખ્ય વ્યક્તિઓ સામે નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ હેઠળ ફરિયાદો દાખલ કરેલ છે તેમજ દાવાઓ કરેલ છે. બહારગામની કોર્ટોમાં પણ જુદી જુદી વ્યક્તિઓ સામે પોતાના નજીકના સગાઓ મારફત દાવાઓ કરેલ છે અને લાખો રૂપિયાના વહેવાર ધીરધારના લાયસન્સ વગર દર્શાવી જુઠા લેણાંઓ ઉભો કરેલ છે. જેથી દાવો ખર્ચ સહિત રદ્દ કરવા વિનંતી કરેલ છે.

(૩) વાદી પક્ષે નીચે મુજબના મૌખીક પુરાવા રજુ કરેલા છે.

| | |
|---|---|
| (૧) શરીફભાઈ ચકુભાઈ શક્કરીચાણી, વાદીની જુબાની. | આંક–૧૫ |
| (૨) મંજુલાબેન દમનભાઈ પંડ્યા, સાહેદની જુબાની. | આંક–૩૩ |

પ્રતિવાદી પક્ષે નીચે મુજબના મૌખીક પુરાવા રજુ કરેલા છે.

| | |
|---|---|
| (૧) ચંદુલાલ લાલજીભાઈ પટોળીયા, પ્રતિવાદીની જુબાની. | આંક–૩૭ |

(૪) વાદી પક્ષે નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે.

| | |
|---|---|
| (૧) અંગીકરણના કરારની ખરીનકલ. | આંક–૧૬ |
| (૨) ચેક નં. ૩૯૩૨૯૩ ની ખરીનકલ. | આંક–૧૭ |
| (૩) રીટર્ન મેમોની ખરીનકલ. | આંક–૧૮ |
| (૪) ઈન્ટીમેશન મેમોની ખરીનકલ. | આંક–૧૯ |

| | | |
|---|---|---|
| (૫) | નોટીસની ખરીનકલ. | આંક–૨૦ |
| (૬) | પોષ્ટલ રીસીપ્ટની ખરીનકલ. | આંક–૨૧ |
| (૭) | પોષ્ટલ એકનોલેજમેન્ટની ખરીનકલ. | આંક–૨૨ |
| (૮) | ગામના નમુના નં. ૮–અ નો ઉતારો. | આંક–૩૪ |
| (૯) | ગામના નમુના નં. ૭ નો ઉતારો. | આંક–૩૫ |
| (૧૦) | ગામના નમુના નં. ૧૨ નો ઉતારો. | આંક–૩૬ |

પ્રતિવાદી પક્ષે કોઈ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા નથી.

(૫) વાદી પક્ષે આંક–૩૪ થી પુરાવા બંધની પુરસીસ રજુ કરેલ છે. પ્રતિવાદી નં. પક્ષે આંક–૪૦ થી તેમની પુરાવા બંધની પુરસીસ રજુ કરેલ છે.

(૬) વાદી પક્ષે વિ.વ.શ્રી આર.એસ. પટેલએ આંક–૪૧ થી તેમની લેખીત દલીલો રજુ કરેલ છે. જ્યારે પ્રતિવાદી પક્ષે આંક–૪૩ થી તેમની લેખીત દલીલો રજુ કરેલ છે. જે બંન્ને રેકર્ડનો ભાગ હોય તેનું પુનરાવર્તન ટાળેલ છે.

(૭) આ કામે આંક–૧૧ થી નીચે મુજબના તકરારી મુદ્દા કાઢવામાં આવેલા છે.

(૧) શું વાદી પુરવાર કરે છે કે, તેઓ પારા નં. ૧ ની વિગતે ધોરાજીમાં રહી કામધંધો કરે છે ?

(૨) શું વાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદીને ઈશાભાઈ દાઉદભાઈ પાસેથી લીધેલ રકમ રૂા. ૧૩,૨૦,૦૦૦/– ચુકવવાની હોય તેમજ વધુ રકમની જરૂરિયાત હોય વાદી પાસેથી રૂા. ૧૭,૦૦,૦૦૦/– હાથઉછીના મળવા માંગણી કરતા વાદીએ ખેતીની ઉપજમાંથી તથા સગાસંબંધીઓ પાસેથી લઈ પ્રતિવાદીને રૂા.

૧૭,૦૦,૦૦૦/– વગરવ્યાજુ હાથઉછીના આપેલા ?

(૩) શું વાદી પુરવાર કરે છે કે, તેઓની પ્રતિવાદી પાસેથી રૂા. ૧૭,૦૦,૦૦૦/– ની રકમ લેણી થયેલ તેના બદલામાં પ્રતિવાદીએ તેમના ખાતાનો ચેક આપેલ અને રૂા. ૧૦૦/– ના સ્ટેમ્પ ઉપર આ સંદર્ભમાં કરાર કરી આપેલ અને ચેક પરત ફરતા રકમ વસુલ થયેલ નથી ?

(૪) શું વાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદી પાસેથી તેઓ રકમ રૂા. ૧૭,૦૦,૦૦૦/–, નોટીસ ખર્ચના રૂા. ૨,૦૦૦/– તથા તેના ઉપર ૧૮ ટકા મુજબ વ્યાજની રકમ વસૂલ મેળવવા હક્કદાર છે ?

(૫) શું વાદી પુરવાર કરે છે કે, તેઓએ પારા નં. ૧૧ ની વિગતે વાદી પાસેથી વ્યાજે લીધેલ રકમ પરત વાદીને ચુકવી આપેલ છે અને વાદીએ પ્રતિવાદીની મજબુરીનો ગેરલાભ લઈ કોરા સહીવાળા ચેક લીધેલ અને અંગીકરણના કાગળ ઉપર સહી કરાવી લીધેલ ?

(૬) શું વાદીનો દાવો સમયમર્યાદામાં છે ?

(૭) શું વાદી દાવામાં માંગ્યા મુજબની દાદ મેળવવા હક્કદાર છે ?

(૮) શું હુકમ અને હુકમનામું ?

(૮) સદરહુ મુદ્દાના મારા તારણો નીચે મુજબ છે.

(૧) હકારમાં.

(૨) હકારમાં.

(૩) હકારમાં.

(૪) અંશતઃ હકારમાં.

(૫) નકારમાં.

(૬) હકારમાં.

(૭) અંશતઃ હકારમાં.

(૮) આખરી હુકમ મુજબ.

(૯) ઉપરોક્ત મુદ્દાઓના તારણો ઉપર આવવા માટેના મારા કારણો નીચે મુજબ છે.

## ॥ <u>**કારણો**</u> ॥

(૯.૧) વાદી પક્ષે તેમના કેસના સમર્થનમાં આંક–૧૫ થી વાદી શરીફભાઈ ચકુભાઈ શકરીચાણીને તપાસેલા છે. તેઓએ તેઓની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ ધોરાજી શહેરમાં કુલવાડી વિસ્તારમાં રહે છે અને ખેતીકામ કરે છે તેમજ તેઓને ધોરાજી મુકામે એહમદ રઝા નામની કાલાકપાસની કમીશન એજન્ટની પેઢી છે અને પ્રેસ રીપોર્ટર તેમજ ખબરપત્રી છે. પ્રતિવાદી ધોરાજીમાં રહે છે અને ખેતી કરે છે. પ્રતિવાદી તેઓના ખાસ મિત્ર અને સ્નેહી છે અને પ્રતિવાદી અવારનવાર તેઓની પાસેથી નાણાં વગરવ્યાજુ હાથઉછીના લઈ જાય છે અને પરત આપી જાય છે. આમ તેઓને પ્રતિવાદી ઉપર વિશ્વાસ અને ભરોસો બેસી ગયેલ. પ્રતિવાદીએ ઈશાભાઈ દાઉદભાઈ પાસેથી મિત્રતા અને સંબંધના નાતે રૂા. ૧૩,૨૦,૦૦૦/– હાથઉછીના લીધેલ જે રકમ ઈશાભાઈ દાઉદભાઈને પરત ચુકવવા માટે પ્રતિવાદીએ ચેક આપેલ અને સદરહુ ચેક મુજબની રકમ પ્રતિવાદી ખાતામાં જમા કરાવી શકેલ ન હતા અને ઈશાભાઈ દાઉદભાઈ સાથે પ્રતિવાદીને સારા સંબંધો હોય જેથી પ્રતિવાદીએ ઈશાભાઈ દાઉદભાઈને રૂા. ૧૩,૨૦,૦૦૦/– પરત ચુકવવાના હતા. તદ્ઉપરાંત પ્રતિવાદી કૌટુંબિક જરૂરિયાત માટે વધુ રકમની જરૂરિયાત હોય પ્રતિવાદીએ તેઓની પાસેથી રૂા. ૧૭,૦૦,૦૦૦/– મિત્રતા અને સંબંધના નાતે

હાથઉછીના વગરવ્યાજુ આપવા માંગણી કરતા તેઓની પાસે ખેતીની ઉપજની અમુક રકમ પડેલી હતી તેમજ સગાસંબંધીઓ પાસેથી તેઓએ વ્યવસ્થા કરી મિત્રતા અને સંબંધના નાતે પ્રતિવાદીનું કામ કરી આપવા પ્રતિવાદીને વગરવ્યાજુ હાથઉછીના રૂા. ૧૭,૦૦,૦૦૦/– પુરા રોકડા આપેલા. જે રકમ પરત ચુકવવા પ્રતિવાદીએ રાજકોટ નાગરીક સહકારી બેન્ક લી., ધોરાજી શાખાનો પ્રતિવાદીના ખાતા નં. ૪૩૦૦૩૧૦૦૦૧૧૯૩૧ નો ચેક નં. ૩૯૩૨૯૩ નો રૂા. ૧૭,૦૦,૦૦૦/– નો તા. ૫–૨–૧૫ ના રોજ વટાવાય તે રીતનો પોતાના હાથે લખીને તેઓનું પ્રતિવાદી ઉપરનું કાયદેસરનું લેણું ચુકવવા પ્રતિવાદીએ તેઓને ચેક આપેલ. અસલ ચેકમાં પ્રતિવાદીએ તેઓની હાજરીમાં તેઓનું નામ તથા રકમ અને તારીખ લખેલ છે તથા તેઓની હાજરીમાં નીચે પોતાની સહી કરેલ છે. પ્રતિવાદીએ રૂા. ૧૦૦/– ના નોન જ્યુડી. સ્ટેમ્પ ઉપર તા. ૮–૪–૧૪ ના રોજ તેઓનું પ્રતિવાદી પાસેના લેણાનું અંગીકરણ અને સદરહુ રકમ પરત ચુકવવા માટે આપેલ ડ્યુ ડેઈટના ચેકની કબૂલાત કરતો કરાર લખી આપેલ અને ધોરાજીના નોટલી રૂબરૂ સાક્ષીઓની હાજરીમાં પોતાની સહી કરી પહોંચ કરી આપી નોટરાઈઝ કરાવી તેઓને સોંપેલ અને અસલ ચેક ચેકમાં લખી મુદતે બેન્કમાં નાંખવાથી ચોક્કસ વટાવાઈ જશે તેવો વિશ્વાસ અને ભરોષો તેઓને પ્રતિવાદીએ મૌખીક તતા લેખીતમાં આપેલ. જેમાં પ્રતિવાદીએ પાને પાને સહી કરેલ છે તથા છેલ્લે સહી કરી ફોટો ચોડી અંગુઠાનું નિશાન કરેલ છે તથા તેઓએ તેઓની સહી કરી ફોટો ચોડી અંગુઠાનું નિશન કરેલ છે અને નીચે પ્રતિવાદીએ રૂા. ૧૭,૦૦,૦૦૦/– વગરવ્યાજુ રોકડા મળેલની પહોંચ લખી આપેલ છે તથા રેવન્યુ સ્ટેમ્પ ચોડી પોતાની સહી કરી આપેલ છે તથા સદરહુ કરાર નોટરીશ્રી લાલજીભાઈ આર. વાગડીયા સાહેબ પાસે નોંધાવી આપેલ છે તેમજ સાક્ષીઓ તરીકે રાજ બાબુભાઈ

બગડા તથા વિંઝુડા અગ્નિ એચ.એ સહીઓ કરી આપેલ છે. પ્રતિવાદીએ આપેલ ચેક મુજબની તા. ૫–૨–૧૫ ના રોજ તેઓએ પ્રતિવાદીએ આપેલ ચેક રાજકોટ ડીસ્ટ્રીક્ટ કો.ઓ. બેન્ક લી. ધોરાજી શાખામાં તેઓના ખાતામાં વટાવવા માટે નાંખતા અને સદરહુ ચેક રાજકોટ નાગરીક સહકારી બેન્ક લી.માં કલીયરીંગમાં જતા તે જ દિવસે પ્રતિવાદીના ખાતામાં પુરતુ ભંડોળ નહીં હોયને ફંડ ઈનસફીસીયન્ટના શેરાવાળા રીટર્ન મેમો સાથે રાજકોટ ડીસ્ટ્રીક્ટ કો.ઓ. બેન્ક લી.ને પરત મળેલ. શ્રી રાજકોટ ડીસ્ટ્રીક્ટ કો.ઓ. બેન્ક લી.એ તેઓને પ્રતિવાદીએ આપેલ ચેક નં. ૩૯૨૨૯૩ નો ચેક વગર સ્વિકરાયો રીટર્ન મેમો તથા ફોરવર્ડીંગ પત્ર સાથે પરત આપેલ. ઉપરોક્ત ચેક વગર સ્વિકરાયો પરત ફરતા તેઓને પ્રતિવાદીના આવા વર્તન બદલ આઘાત સાથે આંચકો લાગેલ અને તેઓએ પ્રતિવાદીને ચેક રીટર્ન થયા અંગે જાણ કરવા ફોન કરેલ પરંતુ પ્રતિવાદીએ ફોન ઉપાડી અને ફોન કાપી નાંખેલ. આમ કરી પ્રતિવાદીએ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ અન્વયે ગુનાહિત કૃત્ય કરેલ હોય, તેઓએ પ્રતિવાદીને તા. ૯–૨–૧૫ ના રોજ તેઓના વકીલ સાહેબ મારફતે રજી.એ.ડી.થી કાયદા મુજબ નોટીસ આપેલ. ઉપરોક્ત નોટીસ રજી.એ.ડી.થી પોષ્ટ કર્યાની રજી.એ.ડી. પહોંચની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે. ઉપરોક્ત નોટીસ મળી ગયાની રજી.એ.ડી. પહોંચ તેઓને પોષ્ટ ખાતા તરફથી આપવામાં આવેલ છે. જે રજુ કરેલ છે. જે નોટીસ આ કામના પ્રતિવાદીને તા. ૧૧–૨–૧૫ ના રોજ બજી જવા છતાં પ્રતિવાદીએ તેઓની નોટીસ મુજબ અમલ કરેલ નહીં કે નોટીસનો કોઈ વ્યાજબી પ્રત્યુત્તર આપવા દરકાર કે પરવા કરેલ નહીં. જેથી તેઓએ આપેલ નોટીસનો સમય પુરો થયા બાદ તેઓએ પ્રતિવાદી સામે ફો.કે.નં. ૨૨૨/૨૦૧૫ થી ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ અન્વયે તા. ૭–૩–૧૫ ના રોજ ફરિયાદ કરેલ છે. જે

ફરિયાદમાં પ્રતિવાદી હાજર થઈ ગયેલ છે અને તેઓના સોગંદ ઉપરની જુબાની પર કામ મુલત્વી છે. આમ, નોટીસ ખર્ચની રકમ રૂા. ૨,૦૦૦/– પણ પ્રતિવાદી પાસેથી વસૂલ માંગવા અને મેળવવા તેઓ કાયદેસર રીતે હક્કદાર થયેલ છે. આ કામના પ્રતિવાદી ઉપર તેઓએ વિશ્વાસ અને ભરોસો રાખી પ્રતિવાદીને રૂા. ૧૭,૦૦,૦૦૦/– એપ્રીલ–૨૦૧૪ માં આપેલ અને તે રકમ ચેકમાં લખી મુદતે જો તેઓને પરત મળી ગયેલ હોત તો તેઓ આ રકમ તેઓના વેપાર ધંધામાં તેમજ ખેતીકામમાં ઉપયોગમાં લઈ શકત. પરંતુ પ્રતિવાદીએ મિત્રતા અને સ્નેહના સંબંધનો ગેરલાભ લીધેલ હોય અને રકમ ચુકવવામાં કસૂર કરેલ હોય જેથી તેઓનું કાયદેસરનું લેણું પ્રતિવાદી ઉપર થતુ હોય અને તેઓને વેપારધંધામાં તેમજ ખેતીકામમાં અન્ય જગ્યાએથી રકમની વ્યવસ્થા કરવી પડેલ હોય જેથી તેઓને વાર્ષિક ૧૮% લેખે વ્યાજની પણ ખાધ થયેલ છે. તેઓએ એપ્રીલ–૨૦૧૪ માં રૂા. ૧૭,૦૦,૦૦૦/– પ્રતિવાદીને વગરવ્યાજુ હાથઉછીના આપેલા છે અને પ્રતિવાદીએ તેઓને કરી આપેલ કરાર અને ચેક મુજબની રકમ ચુકવવામાં કસૂર કરેલ છે. જેથી તેઓની કાયદેસરની લેણી થતી રકમ રૂા. ૧૭,૦૦,૦૦૦/– પ્રતિવાદીએ આપેલ ચેક મુજબના તથા રૂા. ૨,૦૦૦/– નોટીસ ખર્ચના વસૂલ મેળવવા તેઓ કાયદેસર રીતે હક્કદાર બનતા હોય તેઓની ચેક મુજબની તથા નોટીસ ખર્ચની લેણી રકમ વસૂલ આપવા પ્રતિવાદીએ દરકાર કે પરવા કરેલ ના હોય પ્રતિવાદીનો તેઓની કાયદેસરની લેણી રકમ ચુકવવાનો ઈરાદો ના હોય જેથી પ્રતિવાદી સામે હાલનો દાવો લાવવા ફરજ પડેલ છે. દાવામાં માંગ્યા મુજબ તેઓની દાદ છે. પ્રતિવાદીએ આંક–૧૦ થી ખોટો અને ઉડાઉ જવાબ આપેલો છે. તેઓ ધોરાજીમાં કાલાકપાસની કમીશન એજન્ટની પેઢી ધરાવે છે. પ્રતિવાદીને ઈશાભાઈ દાઉદભાઈ પાસેથી લીધેલ રકમ રૂા. ૧૩,૨૦,૦૦૦/– ચુકવવાની હોય

તેમજ વધુ રકમની જરૂરિયાત હોય તેઓની પાસેથી રૂા. ૧૭,૦૦,૦૦૦/– હાથઉછીના મળવા માંગણી કરતા તેઓએ ખેતીની ઉપજમાંથી તથા સગાસંબંધીઓ પાસેથી રકમ લઈ પ્રતિવાદીને રૂા. ૧૭,૦૦,૦૦૦/– વગરવ્યાજુ હાથઉછીના આપેલ છે. તેઓની પ્રતિવાદી પાસેથી રૂા. ૧૭,૦૦,૦૦૦/– ની રકમ લેણી થયેલ તેના બદલામાં પ્રતિવાદીએ તેમના ખાતાનો ચેક આપેલ અને રૂા. ૧૦૦/– ના સ્ટેમ્પ ઉપર તે અંગેનો કરાર કરી આપેલ અને ચેક પરત ફરતા રકમ વસૂલ થયેલ નથી. પ્રતિવાદી પાસેથી તેઓ રકમ રૂા. ૧૭,૦૦,૦૦૦/– તથા નોટીસ ખર્ચના રૂા. ૨,૦૦૦/– તથા તેના ઉપર ૧૮% મુજબ વ્યાજની રકમ મેળવવા હક્કદાર છે. પ્રતિવાદીએ તેઓની પાસેથી રકમ વ્યાજે લીધેલ નથી. પરંતુ હાથઉછીની વગરવ્યાજુ લીધેલ છે. જેમાંથી કોઈ રકમ પરત તેઓને ચુકવી આપેલ નથી અને તેઓએ પ્રતિવાદીની મજબુરીનો ગેરલાભ લઈ કોઈ કોરા સહીવાળા ચેક લીધેલ નથી કે અંગીકરણના કાગળ ઉપર સહી કરાવી લીધેલ નથી. પરંતુ પ્રતિવાદીએ તેઓની પાસેથી વગરવ્યાજુ હાથઉછીની લીધેલ રકમ પરત ચુકવવા તેઓને ચેક આપેલ છે અને તેઓની પાસેથી લીધેલ રકમ અંગે લેણાંનું અંગીકરણ કરતો કરાર કરી આપી સહીઓ કરી નોટરી કરાવી આપેલ છે. તેઓનો દાવો સમયમર્યાદામાં છે. તેઓ દાવામાં માંગ્યા મુજબની દાદ મેળવવા હક્કદાર છે. પ્રતિવાદી પક્ષેની ઉલટતપાસમાં જણાવેલ છે કે, તેઓની લેણી રકમના અલગ–અલગ વ્યક્તિઓ સામે ધોરાજી કોર્ટમાં કરેલા કેસો છે તે તેઓને યાદ નથી. ચેક રીટર્ન અંગે ધોરાજી કોર્ટમાં તેઓએ ચાર–પાંચ ફરિયાદ કરેલ હશે ચોક્કસ યાદ નથી. કેટલી ફરિયાદો ચેક રીટર્નની ફેંસલ થયેલ છે તે તેઓને યાદ નથી. તેઓ ધીરધારનો ધંધો કરતા નથી. એ સુચનનો ઈન્કાર કરેલ છે કે, તેઓની સામે ધીરધાર સંબંધે ફરિયાદો પણ થયેલ છે. તમારી સામે તાજેતરમાં નાણાં સંબંધે

ફરિયાદ થયેલી તેવા પ્રશ્નના જવાબમાં જણાવેલ છે કે, તેઓનો છોકરો ખટારા ચલાવે છે અને તેના ભાડાના સંબંધે ચેક બાબતે તકરાર હતી તેની ફરિયાદ થયેલી તેઓએ પોલીસમાં અરજ હકીકત લખાવેલ છે. તેઓ પહેલા પ્રેસ રીપોર્ટરનું કામ કરતા હતા હવે કરતા નથી. તેઓ ત્રણેક વર્ષથી પ્રેસ રીપોર્ટરની કામગીરી કરતા નથી. તેઓ ખેતી કામ કરતા હોય તે બતાવવા માટે તેઓની પાસે હાલ કોઈ આધાર નથી. તમે કાલા કપાસની પેઢી ધરાવતા હોવ અને વેપાર કરતા હોવ તે બતાવવા તમારી પાસે કોઈ આધાર છે તેવા પ્રશ્નના જવાબમાં જણાવેલ છે કે, લાયસન્સ છે કમીશનથી ધંધો કરવા માટનું લાયસન્સ છે. કાલાકપાસનો તેઓ દસ–બાર વર્ષથી ધંધો કરે છે. દસ–બાર વર્ષથી તેઓ ધંધો કરતા હોય તેનો આધાર તેઓની પાસે નથી. તેઓએ તેઓના દાવા તથા સોગંદનામામાં પ્રતિવાદી અવારનવાર રકમ લઈ ગયેલાનું જણાવેલ છે તે કેટલી વખત અને ક્યારે અને કેટલા લઈ ગયેલા તે યાદ નથી. ઈશાભાઈ દાઉદભાઈ તેઓના મિત્ર થાય છે. ઈશાભાઈ દાઉદભાઈ પાસેથી પ્રતિવાદીએ રૂા. ૧૩,૨૦,૦૦૦/– લીધેલા હોય અને તે પરત ચુકવતા ના હોય તે બાબતનો તેઓની પાસે આધાર નથી. સ્વેચ્છાએ જણાવેલ છે કે, કરાર રજુ કરેલ છે. તેઓની પાસે પોતાની સાડા ચાર વીઘા જમીન છે. તેઓની પાસે ખેતીની જમીન હોવા બાબતે કોઈ આધાર આ કામે રજુ કરેલ નથી. તેઓની પાસે ખેતીની જમીનનો આવક જાવકનો કોઈ હિસાબકિતાબ નથી. ખેતીની ઉપજની કેટલી રકમ દાવાવાળા વ્યવહાર સમયે તેઓની પાસે પડેલ હતી તે તેઓને ખબર નથી. તેઓએ ક્યા ક્યા સગાસંબંધી પાસેથી દાવાવાળા વ્યવહાર સંબંધે પૈસાની વ્યવસ્થા કરેલ તે યાદ નથી. એ વાત ખરી છે કે, તેઓએ પ્રતિવાદી સામે ચેક પરત ફર્યાની ફોજદારી ફરિયાદ કરેલ છે. એ વાત ખરી છે કે, દાવાવાળા વ્યવહાર સમયે રૂપિયા સત્તર લાખની રકમ તેઓની પાસે હતી તે દર્શાવતો આધાર પુરાવો તેઓની પાસે

નથી. એ વાત ખરી નથી કે, પ્રતિવાદીએ તેમના પુત્ર–પુત્રીના અભ્યાસ માટે રૂપિયા એક લાખ ચાલીસ હજાર ટુકડે–ટુકડે તેઓની પાસેથી લીધેલા અને તે રકમ વ્યાજ સહિત તેઓને પરત આપી દીધેલા અને તેનું કોઈ લખાણ કરવામાં આવેલ નહીં. એ વાત ખરી છે કે, પ્રતિવાદીના દીકરાના સને–૨૦૧૫ માં લગ્ન હતા. એ વાત ખરી નથી કે, પ્રતિવાદીના દીકરાના લગ્ન સમયે તેઓએ પ્રતિવાદીને દીકરાનો પ્રસંગ બગાડીશ તેમ કહી ધમકાવીને અંગીકરણમાં સહી કરાવી લીધેલ અને કોરા ચેક લઈ લીધેલ. એ વાત ખરી નથી કે, પ્રતિવાદી સામે દર્શાવેલ લેણું તદ્દન ખોટુ છે અને ખોટો દાવો કરેલ છે.

(૯.૨) વધુમાં વાદી પક્ષે આંક–૩૩ થી સાહેદ મંજુલાબેન દમનભાઈ પંડ્યાને તપાસેલા છે. તેઓએ તેઓની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ ધોરાજીના રહીશ શરીફભાઈ ચકુભાઈ શકરીચાણીને સારી રીતે ઓળખે છે. કારણ કે, તે ઝાલણસર ગામના જ રહીશ છે અને શરીફભાઈના પિતાને તેઓના પતિ સાથે ગાઢ સંબંધ હતા અને તેઓના પતિ શરીફભાઈના પિતા ચકુભાઈને મામા કહેતા હતા. જેથી તેઓને શરીફભાઈના પિતા સાથે અને શરીફભાઈના કુટુંબ સાથે ગાઢ સંબંધો પ્રથમથી જ છે. શરીફભાઈને બીજા પાંચ ભાઈઓ છે. જેઓ બધા અલગ અલગ રહે છે અને બધા ભાઈઓ સાથે તેઓને સંબંધ છે. શરીફભાઈના પિતાના વખતની ખેતીની જમીન ઝાલણસર ગામના પાદરમાં આવેલ છે જેમાં શરીફભાઈએ વાવેતર કરી શાકભાજી અને ફુલઝાડનો બગીચો બનાવેલ છે. જેમાં શરીફભાઈ તથા તેના પુત્ર ખેતીકામ કરે છે. તેઓના પતિ દમનભાઈ વેણીશંકર પંડ્યાનું સને–૨૦૦૬ ની સાલમાં અવસાન થઈ ગયેલ અને તેઓની ત્રણ પુત્રીઓ અને એક પુત્ર છે. તેઓનો પુત્ર શારદાગ્રામ–માંગરોળ મુકામે શિક્ષક તરીકે નોકરી કરે છે. તેમજ તેઓની પુત્રીઓ સાસરે છે. જેથી તેઓને ખેતીકામ કરવાવાળુ કોઈ રહેલ નહીં. જેથી સને

૨૦૦૬–૦૭ થી તેઓએ શરીફભાઈ ઉપર વિશ્વાસ અને ભરોસો રાખી શરીફભાઈને તેઓના પતિના વખતની ખેતીની જમીન જે ઝાલણસર મુકામે સર્વે નં. ૩૪૪, હેક્ટર ૨–૧૭–૩૦ એકર ૫–૧૫ ગુંઠા એટલે કે, સાડા તેર વીઘા જમીન સને–૨૦૦૭ થી જ વાવવા ખેડવા આપેલ છે અને તે દર વર્ષે ઉપજનીપજ પ્રમાણે તેઓને વાવેતરની શાખ આપતા આવેલ છે. તે બાબતેનું કોઈ લખાણ તેઓની વચ્ચે થયેલ નથી. કારણ કે, તેઓનું કુટુંબ અને શરીફભાઈના કુટુંબ વચ્ચે ખુબ જ સારા સંબંધો છે. એકબીજાના ઘરે આવવા જવાબના સંબંધો છે. જેથી કોઈ લખાણ થયેલ નથી. પરંતુ શરીફભાઈ તેઓની સાડા તેર વીઘા જમીન સને ૨૦૦૬–૦૭ થી વાવતા ખેડતા આવેલ છે. શરીફભાઈ પાસે ખેતીના સાધનો પણ છે. આ વખતે શરીફભાઈએ તેઓની ખેતીની જમીનમાં સોયાબીન વાવેલ છે. તેઓની જમીનમાં પાકો કુવો છે અને વાવેતર માટે અને બિયારણ માટે ખાતરપોતર માટે ધીરાણ પણ લે છે જે શરીફભાઈ દર વર્ષે ભરપાઈ કરી આપે છે અને તેનો હિસાબ શરીફભાઈ રાખતા આવેલ છે. તેઓના પતિના અવસાન બાદ સર્વે નં. ૩૪૪ વાળી તેઓના પતિની જમીનમાં તેઓનું તથા તેઓના પુત્ર અને પુત્રીઓનું નામ દાખલ થયેલ છે. જે ગામનો નમુનો નં. ૮–અ, ૭ અને ૧૨ ની ખરીનકલો તેઓની પાસે કઢાવેલી છે તે રજુ કરેલ છે. શરીફભાઈ સને ૨૦૦૬–૦૭ થી સતત તેઓની જમીન વાવેતર કરતા આવેલ છે અને રવિ પાક અને ખરીફ પાક એમ બે પાક લે છે અને વર્ષની આશરે ચારથી પાંચ લાખની ઉપજ થાય છે. જ્યારે પ્રતિવાદી પક્ષેની ઉલટતપાસમાં એ સુચનનો સ્વિકાર કરેલ છે કે, તેઓએ જે આંક–૩૪ થી ૩૬ વાળુ રેવન્યુ રેકોર્ડ રજુ કરેલ છે તે તેઓના એકલીના નામનું નથી. તેઓએ રજુ કરેલ રેવન્યુ રેકોર્ડવાળી જમીન ઉપર કોના–કોના કેટલા રૂપિયા બાકી છે તેની તેઓને જાણ છે. તેઓએ રજુ કરેલા રેવન્યુ રેકોર્ડવાળી જમીન ઉપર મોર્ગેજ બેન્ક, જુનાગઢના રૂા.

૨,૦૦,૦૦૦/–, એચ.ડી.એફ.સી., મજેવડી શાખાના રૂા. ૩,૯૫,૦૦૦/– લેણાં બાકી પડે છે. આ જમીન અંગે ડેપ્યુટી કલેક્ટર સાહેબ કે કલેક્ટર સાહેબમાં કોઈ કાર્યવાહી ચાલતી નથી. તેઓએ રજુ કરેલા દસ્તાવેજો તેઓએ જોયેલા છે અને વાંચેલા છે. તેઓએ રજુ કરેલા રેવન્યુ રેકોર્ડમાં કોઈ ડેપ્યુટી કલેક્ટર કે કલેક્ટરના નોંધના હવાલા હોય તો તે ખોટા છે. શરીફભાઈ તેઓની જમીન વાવતા હોય તેવું બતાવવા તેઓની પાસે કોઈ લેખીત આધાર નથી. સદરહુ જમીનના સહહિસ્સેદારો પાસે પણ શરીફભાઈ જમીન વાવે છે તેવું દર્શાવતો કોઈ આધાર નથી. આ જમીન અંગે થયેલ વાવેતરની આવક–જાવકનો હિસાબ તેઓની પાસે છે. એ સુચનનો સ્વિકાર કરેલ છે કે, તેઓએ તે હિસાબ–કિતાબ હાલના દાવાના કામે રજુ કરેલા નથી. એ સુચનનો ઈન્કાર કરેલ છે કે, શરીફભાઈ તેઓની જમીન વાવતા નથી. એ સુચનનો ઈન્કાર કરેલ છે કે, શરીફભાઈ સાથે તેઓને વર્ષોથી કૌટુંબિક સંબંધો હોય તેમની તરફેણમાં ખોટી જુબાની આપે છે.

(૯.૩) પ્રતિવાદી પક્ષે પ્રતિવાદી ચંદુલાલ લાલજીભાઈ પટોળીયાએ તેમની આંક–૩૭ ની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ ધોરાજીમાં રહે છે અને છેલ્લા દસેક વર્ષથી બીમાર અવસ્થામાં છે અને ડાયાલીસીસ ઉપર છે. વાદીનો દાવો તદ્દન જુઠ્ઠો અને ઉભો કરેલો છે તેમજ સમયમર્યાદા બહારનો છે. વાદીના દાવામાં દર્શાવ્યા મુજબ તેઓએ ઈશાભાઈ દાઉદભાઈ પાસેથી ક્યારેય કોઈ રકમ લીધેલ નથી કે તેમને કોઈ ચેક આપેલ નથી. તેઓ ઈશાભાઈ દાઉદભાઈ નામની વ્યક્તિને ઓળખતા પણ નથી. ઈશાભાઈ દાઉદભાઈ નામની વ્યક્તિને રૂા. ૧૩,૨૦,૦૦૦/– ચુકવવા તેઓએ વાદી પાસેથી કોઈ રકમ લીધેલ નથી તેમજ જરૂરિયાત મુજબ વાદી પાસેથી રૂા. ૧૭,૦૦,૦૦૦/– ઉછીના લીધેલ નથી. વાદી ખેતીકામ કરતા નથી તેમજ કાલાકપાસનો કોઈ વેપાર કરતા નથી પરંતુ ઉંચા વ્યાજે નાણાં આપવાનો ધંધો કરે

છે. તેઓએ વાદી પાસેથી રૂા. ૧૭,૦૦,૦૦૦/– ઉછીના લઈને કોઈ અંગીકરણનું લખાણ કરી આપેલ નથી કે કોઈ ચેક લખી આપેલ નથી. તેઓએ વાદી પાસેથી ૨૦૦૯ ની સાલમાં તેઓની દીકરી હીનાના અભ્યાસ માટે ભૂતવડ કોલેજમાં ફી ભરવા માટે બે સેમેસ્ટરના રૂા. ૪૦,૦૦૦/– તથા રૂા. ૪૦,૦૦૦/– મળી કુલ રૂા. ૮૦,૦૦૦/– લીધેલા અને ત્યારબાદ ટુકડે ટુકડે દસ હજાર ચાર વખત અને એક વખત રૂા. ૨૦,૦૦૦/– મળી કુલ રૂા. ૧,૪૦,૦૦૦/– લીધેલા તેનું કોઈ લખાણ કરેલ નહીં. પરંતુ મહીને છ ટકા વ્યાજ દેવું પડશે તેવું વાદીએ કહેલ અને તેઓએ ૨૦૧૨ ની સાલ સુધીમાં વાદીને રૂા. ૪,૦૦,૦૦૦/– ટુકડે ટુકડે વસૂલ આપી દીધેલ છે. જેની વાદીએ કોઈ પહોંચ આપેલ નથી. ત્યારબાદ વાદીએ તેઓને કહેલ કે તમે માત્ર વ્યાજની રકમ જ આપેલ છે મુદ્દલ તથા ચક્રવર્તી વ્યાજ બાકી છે જે તમારે આપવા પડશે નહીંતર તમારા દીકરા દિપેનના લગ્ન બગાડીશ અને મારા માણસોને મોકલી પ્રસંગ બગાડીશ તેવી ધમકી આપી તેઓની મજબુરીનો ગેરલાભ લઈને તેઓની પાસેથી ૨૦૧૪ ની સાલમાં લેણાના અંગીકરણના લખાણમાં સહી કરાવી અને ચેક પણ લખાવી લીધેલ છે આવી કોઈ રકમ તેઓએ વાદી પાસેથી લીધેલ નથી. વાદી ઉંચા વ્યાજે ધીરધારનો ધંધો કરતા હોય તેઓની પાસેથી વધારે નાણાં પડાવવા માટે જુઠ્ઠો દાવો તથા ચેકની જુઠી ફરિયાદ કરેલ છે. વાદીને તેઓની પાસે કોઈ કાયદેસરનું લેણું બાકી નથી. જ્યારે ઉલટતપાસમાં તેઓ બી.કોમ. સુધી ભણેલા છે. તેઓ ગુજરાતી લખી, વાંચી શકે છે. તેઓને આંક–૧૬ નો કરાર બતાવી પુછતા એ સૂચનનો સ્વિકાર કરેલ છે કે, તે કરારના દરેક પાના ઉપર તેઓની સહી છે અને કરારના અંતે તેઓનો ફોટો છે અને તેઓની સહી છે. તેઓને આંક–૧૭ વાળો દસ્તાવેજ કે જે ચેકની ખરીનકલ છે તે બતાવી પુછતા એ સૂચનનો સ્વિકાર કરેલ છે કે, તે ચેકની બોડીમાં અક્ષર તેઓના છે અને સહી

તેઓની છે. એ સૂચનનો સ્વિકાર કરેલ છે કે, રાજકોટ નાગરીક સહકારી બેંક લી. માં તેઓનું ખાતુ છે અને તેનો ખાતા નં. ૧૧૯૩૧ છે. વનિતાબેન તેઓના પત્ની છે. તેઓને આંક–૨૨ વાળી રજી.પોષ્ટની એકનોલેજમેન્ટની ખરીનકલ બતાવતા જણાવેલ છે કે, તેમાં તેઓના પત્ની વનિતાબેનની સહી છે. એ સૂચનનો સ્વિકાર કરેલ છે કે, અગાઉ તેઓ ઓઈલ મીલ ધરાવતા હતા. તેઓને બે દીકરા છે. જેમાંથી એક હાલમાં નોકરી કરે છે અને બીજા ડૉક્ટરનું ભણે છે. વાદીને તેઓ ઓળખે છે. એ સૂચનનો સ્વિકાર કરેલ છે કે, વાદીએ તેઓને આંક–૨૦ વાળી નોટીસ તેઓના ઘરના સરનામે મોકલેલી. એ સૂચનનો સ્વિકાર કરેલ છે કે, તે નોટીસનો કોઈ જવાબ તેઓએ આજદિન સુધી આપેલો નથી. એ સૂચનનો ઈન્કાર કરેલ છે કે, તેઓએ ઈશા દાઉદ પાસેથી રૂા. ૧૩,૨૦,૦૦૦/– લીધેલા. એ સૂચનનો ઈન્કાર કરેલ છે કે, ઈશા દાઉદને રકમ ચુકવવા માટે તેઓએ વાદી પાસેથી રકમ લીધેલી. એ સૂચનનો સ્વિકાર કરેલ છે કે, તેઓએ વાદી પાસેથી રકમ લીધેલી. સ્વેચ્છાએ જણાવેલ છે કે, તેઓએ વાદી પાસેથી પ્રથમ ખાલી રૂા. ૪૦,૦૦૦/– લીધેલા જે તેઓને ૬% વ્યાજથી આપેલા ત્યારબાદ તેઓએ બીજી બે વખત રૂા. ૨૦,૦૦૦/– – ૨૦,૦૦૦/– લીધેલા જે પણ ૬% વ્યાજથી આપેલા તે રકમ વસૂલ મેળવવાનો આ દાવો છે. એ સૂચનનો સ્વિકાર કરેલ છે કે, આંક–૧૬ વાળા કરારમાં તેઓએ દરેક પાને જે સહીઓ કરેલી તે કરાર વાંચીને કરેલી. તે કરારમાં જે રૂા. ૧૭,૦૦,૦૦૦/– ની રકમનો ઉલ્લેખ કરેલો છે તે સામે તેઓએ આજદિન સુધી કોઈ વાંધો ઉઠાવેલો નથી. તેઓને આંક–૨૦ વાળી નોટીસ મળ્યા બાદ પણ તેઓએ આજદિન સુધી રૂા. ૧૭,૦૦,૦૦૦/– ની રકમ સામે વાંધો ઉઠાવેલો નથી. તેઓએ શરીફભાઈને જવાબ આપીને કે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરીને કોઈ વાંધો ઉઠાવેલો નથી. એ સૂચનનો સ્વિકાર કરેલ છે કે, વાદીએ તેઓની સામે

ચેક રીટર્ન થયો તે અંગેની ફરિયાદ પણ દાખલ કરેલ છે. એ સૂચનનો સ્વિકાર કરેલ છે કે, ફરિયાદ દાખલ થયા બાદ તેઓની અને વાદી વચ્ચે સમાધાન થયેલું કે તેઓનું મકાન વેચાઈ જાય ત્યારબાદ તેઓએ વાદીને રકમ ચુકવી દેવાની છે. સ્વેચ્છાએ જણાવેલ છે કે, તેઓને વાદીએ કીધેલુ કે મોટી રકમનું વ્યાજ છે તમે મોટી રકમ સામટી ચુકવશો તો હું તમને વ્યાજ અડધુ કરી દઈશ અને તેઓને ચેક બદલાવી આપવાનું કીધેલુ જેથી તેઓએ ચેક બદલાવી આપેલો અને જુનો ચેક તેઓને પાછો આપેલો નહીં. તેઓ અને વાદી વચ્ચે વ્યાજ બાબતનો કોઈ લેખીત કરાર થયેલો નથી. તેઓએ વાદી પાસેથી રૂા. ૪૦,૦૦૦/– અને બાદમાં બે વખત રૂા. ૨૦,૦૦૦/– લીધેલા તેની હકીકત તેઓએ તેઓના જવાબમાં જણાવેલ નથી. ત્યારબાદ કહેલ છે કે, તેઓએ તેઓના જવાબના પેરા. ૧૧ માં જે રકમો લીધેલી તેની વિગત લખાવેલી છે. એ સૂચનનો ઈન્કાર કરેલ છે કે, તેઓએ ઈશાભાઈ દાઉદભાઈ પાસેથી રૂા. ૧૩,૨૦,૦૦૦/– લીધેલા તે રકમ ચુકવવા માટે અને તેઓને વિશેષ રકમની જરૂરિયાત હતી તેથી તેઓએ વાદી પાસેથી રૂા. ૧૭,૦૦,૦૦૦/– હાથઉછીના વગર વ્યાજે લીધેલા છે. તેઓને એ વાતનો ખ્યાલ નથી કે, વાદી અહેમદ રઝા ફાર્મના નામથી કાલાકપાસની ખેતી ધરાવે છે કે કેમ. તેઓને એ વાતનો ખ્યાલ નથી કે, વાદીને ઝાલણસર મુકામે ખેતીની જમીન આવેલી છે કે કેમ. એ સૂચનનો ઈન્કાર કરેલ છે કે, વાદી વ્યાજ વટાવનો કોઈ ધંધો કરતા નથી અને માત્ર સંબંધને નાતે તેઓને હાથઉછીની રકમ આપેલી છે. એ સૂચનનો સ્વિકાર કરેલ છે કે, આંક–૧૭ વાળુ લખાણ રૂા. ૧૭,૦૦,૦૦૦/– ની રકમનું થયેલુ. વાદી વગર લાયસન્સે વ્યાજ વટાવનો ધંધો કરે છે તેવી કોઈ ફરિયાદ તેઓએ આજદિન સુધી કરેલી નથી. વાદી વ્યાજ વટાવનો ધંધો કરે છે તેવું દર્શાવતો કોઈ લેખીત આધાર તેઓની પાસે નથી. સ્વેચ્છાએ જણાવેલ છે કે,

વાદીના આ કોર્ટમાં આશરે ચાલીસેક કેસ ચાલે છે. એ સૂચનનો ઈન્કાર કરેલ છે કે, તેઓને વાદીને પૈસા ચુકવવા ન પડે તેથી તેઓ વ્યાજ વટાવનો ધંધો કરતા હોવાનું જણાવે છે. દીપેનના લગ્ન ઉપલેટા મુકામે કરેલા છે. દીપેનના લગ્ન બાબતે તેઓએ તેઓના સોગંદનામામાં જણાવેલ નથી. દીપેનના લગ્ન બાબતે તેઓને અને વાદીને કોઈ ચર્ચા થયેલ હોય તેવુ તેઓએ તેઓના આંક–૧૦ વાળા જવાબમાં તથા સરતપાસમાં જણાવેલ નથી. એ સૂચનનો ઈન્કાર કરેલ છે કે, વાદી પાસેથી સંબંધના નાતે રૂા. ૧૭,૦૦,૦૦૦/– વગર વ્યાજે હાથઉછીના લીધેલ હોવા છતાં વાદીને રકમ ચુકવવી ન પડે તેથી તેઓએ હાલના દાવામાં આંક–૧૦ થી ખોટો જવાબ રજુ કરેલો છે અને આંક–૩૭ થી સરતપાસનું ખોટુ સોગંદનામું રજુ કરી સોગંદ ઉપર ખોટી જુબાની આપે છે.

(૯.૪) મુદ્દા નં. ૧ ની ચર્ચામાં વાદી પક્ષે સાબિત કરવાનું છે કે, દાવાઅરજીના પેરા. ૧ ની વિગતે ધોરાજીમાં રહી કામધંધો કરે છે. વાદીએ તેમની દાવાઅરજીના પેરા. ૧ માં જણાવેલ છે કે, તેઓ ધોરાજી ખાતે રહી ખેતીકામ કરે છે અને એહમદ રઝા નામની કાલાકપાસની કમીશન એજન્ટની પેઢી છે તેમજ પ્રેસરીપોર્ટર છે. પ્રતિવાદીએ તેનો જવાબમાં ઈન્કાર કરેલ છે. વાદીએ તેમની સરતપાસમાં આ હકીકતનું પુનરાવર્તન કરેલ છે. જો કે, ઉલટતપાસમાં તેઓએ ત્રણ વર્ષ પહેલા પ્રેસ રીપોર્ટર હતા તેમ જણાવેલ છે. એટલે કે, વાદી પ્રેસ રીપોર્ટર રહ્યા નથી. તે સિવાય વાદી ખેતીકામ કરે છે કે નહીં અને કાલાકપાસની કમીશન એજન્ટની પેઢી ધરાવે છે કે નહીં તે નક્કી જોવુ રહ્યું. વાદીએ ઉલટતપાસમાં તેઓ ખેતી કરતા હોય તે બતાવવા માટે કોઈ આધાર નથી તેમ જણાવેલ છે તેમજ કાલાકપાસની પેઢી ધરાવતા હોવા અંગે તેમની પાસે કમીશનથી ધંધો કરવા માટેનું લાયસન્સ હોવાનું જણાવેલ છે. જો કે, આવું કોઈ લાયસન્સ આ કામે રજુ કરેલ નથી. વાદી પક્ષે

સાહેદ મંજુલાબેન દમનભાઈ પંડ્યાને તપાસેલા છે. જે સાહેદે મોજે ગામ ઝાલણસર, તા. જી. જુનાગઢની સર્વે નં. ૩૪૪/૧ વાળી જમીન તેમની માલીકીની હોવાનું દર્શાવતા રેવન્યુ રેકર્ડ રજુ કરી તે જમીન તેમના પતિના નામની હોય અને તેમના મરણ બાદ વાદીને વાવવા ખેડવા આપેલ છે અને દર વર્ષે ઉપજનીપજ પ્રમાણે શાખ આપતા હોવાનું જણાવેલ છે તેમજ વાદીના પિતાના વખતની ખેતીની જમીન ઝાલણસર ગામના પાદરમાં આવેલી હોવાનું જણાવેલ છે. જેમાં વાદી વાવેતર કરી શાકભાજી અને ફુલઝાડનો બગીચો આવેલો હોવાનું જણાવેલ છે. આમ, વાદી પક્ષે સદરહુ સાહેદને તપાસી વાદીની પોતાની જમીન છે જેમાં ખેતી કરતા હોવાનું તથા સાહેદની પોતાની જમીન પણ વાદીને શાખે વાવવા આપેલી હોવાનું જણાવેલ છે. જેનાથી વિરૂદ્ધનું પ્રતિવાદી પક્ષે સાબિત કરી શકેલ નથી. આમ, વાદી પક્ષે તેમની દાવાઅરજીના પેરા. ૧ માં જણાવેલ વિગતે ધોરાજીમાં રહી કામધંધો કરતા હોવાનું સાબિત કરેલ છે. જેથી મારો મુદ્દા નં. ૧ નો જવાબ હકારમાં ઠરાવુ છુ.

(૯.૫) મુદ્દા નં. ૨ ની ચર્ચામાં વાદી પક્ષે સાબિત કરવાનું છે કે, પ્રતિવાદીને ઈશાભાઈ દાઉદભાઈ પાસેથી લીધેલ રકમ રૂા. ૧૩,૨૦,૦૦૦/− ચુકવવાની હોય તેમજ વધુ રકમની જરૂરિયાત હોય વાદી પાસેથી રૂા. ૧૭,૦૦,૦૦૦/− હાથઉછીના મળવા માંગણી કરતા વાદીએ ખેતીની ઉપજમાંથી તથા સગાસંબંધીઓ પાસેથી લઈ પ્રતિવાદીને રૂા. ૧૭,૦૦,૦૦૦/− વગરવ્યાજે હાથઉછીના આપેલા. ઉપરોક્ત હકીકત વાદીએ તેમની દાવાઅરજી તથા સરતપાસમાં જણાવેલ છે. જ્યારે પ્રતિવાદીએ તેમના જવાબમાં તથા સરતપાસમાં તેનો ઈન્કાર કરેલ છે અને જણાવેલ છે કે, પ્રતિવાદીએ તેમના દીકરા−દીકરીના અભ્યાસ માટે વર્ષ−૨૦૦૯ માં વાદી પાસેથી રૂા. ૪૦,૦૦૦/− બે વખત તથા રૂા.

૧૦,૦૦૦/– ટુકડે–ટુકડે ચાર વખત અને રૂા. ૨૦,૦૦૦/– તેમ મળી કુલ રૂા. ૧,૪૦,૦૦૦/– માસિક ૬% ના વ્યાજથી વાદી પાસેથી લીધા હતા. પ્રતિવાદીએ વર્ષ–૨૦૧૨ સુધીમાં ટુકડે–ટુકડે રૂપિયા ચાર લાખ ચુકવી આપેલા હતા. પરંતુ વાદીએ તે ફક્ત વ્યાજ તરીકે જ વસુલ લીધેલ અને હજી ચક્રવૃદ્ધિ વ્યાજ અને મુદ્દલ બાકી હોવાનું જણાવી તે આપશે નહીં તો પ્રતિવાદીના દીકરા દીપેનના લગ્નમાં આબરૂ બગાડવાની તથા પ્રસંગ બગાડવાની ધમકી આપી જાન્યુઆરી–૨૦૧૫ માં પ્રતિવાદીના દીકરા દીપેનના લગ્ન હોવાથી ૨૦૧૪ ની સાલમાં પ્રતિવાદીની અંગીકરણના કાગળ ઉપર સહી કરાવી અને પાંચ સહીવાળા કોરા ચેક લીધેલા હોવાનું જણાવેલ છે. આમ, વાદી જે કરાર ઉપર આધાર રાખે છે તે પ્રતિવાદીએ કરી આપ્યાનું સ્વિકારેલ છે. તે સંજોગોમાં તે કઈ પરિસ્થિતિમાં કરી આપ્યો હતો તે સાબિત કરવાની જવાબદારી પ્રતિવાદી પક્ષની છે અને પ્રતિવાદી પક્ષ જો તે સાબિત કરવામાં નિષ્ફળ જાય તો વાદીએ જણાવેલી હકીકત સાચી છે તેમ માનવુ રહ્યું. આ સંદર્ભે પ્રતિવાદીની વાદી પક્ષે ઉલટતપાસ ખુબ જ સ્પષ્ટ છે. પ્રતિવાદીએ તેમની ઉલટતપાસમાં, "મને આંક–૧૬ નો કરાર બતાવી પુછતા જણાવુ છુ કે, એ સૂચનનો સ્વિકાર કરેલ છે કે, તે કરારના દરેક પાના ઉપર મારી સહી છે અને કરારના અંતે મારો ફોટો છે અને મારી સહી છે." "એ સૂચનનો સ્વિકાર કરેલ છે કે, આંક–૧૬ વાળા કરારમાં મેં દરેક પાને જે સહીઓ કરેલી તે કરાર વાંચીને કરેલી. તે કરારમાં જે રૂા. ૧૭,૦૦,૦૦૦/– ની રકમનો ઉલ્લેખ કરેલો છે તે સામે મેં આજદિન સુધી કોઈ વાંધો ઉઠાવેલો નથી. મને આંક–૨૦ વાળી નોટીસ મળ્યા બાદ પણ મેં આજદિન સુધી રૂા. ૧૭,૦૦,૦૦૦/– ની રકમ સામે વાંધો ઉઠાવેલો નથી. મેં શરીફભાઈને જવાબ આપીને કે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરીને કોઈ વાંધો ઉઠાવેલ નથી. એ સૂચનનો સ્વિકાર કરેલ છે કે, વાદીએ મારી સામે ચેક રીટર્ન થયો

તે અંગેની ફરિયાદ પણ દાખલ કરેલ છે. એ સૂચનનો સ્વિકાર કરેલ છે કે, ફરિયાદ દાખલ થયા બાદ મારી અને વાદી વચ્ચે સમાધાન થયેલું કે મારૂ મકાન વેચાઈ જાય ત્યારબાદ મારે વાદીને રકમ ચુકવી દેવાની છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, મને વાદીએ કીધેલુ કે મોટી રકમનું વ્યાજ છે તમે મોટી રકમ સામટી ચુકવશો તો હું તમને વ્યાજ અડધુ કરી દઈશ અને મને ચેક બદલાવી આપવાનું કીધેલુ જેથી મેં ચેક બદલાવી આપેલો અને જુનો ચેક મને પાછો આપેલો નહીં. મારે અને વાદી વચ્ચે વ્યાજ બાબતનો કોઈ લેખીત કરાર થયેલો નથી." "એ સૂચનનો સ્વિકાર કરેલ છે કે, આંક–૧૭ વાળુ લખાણ રૂા. ૧૭,૦૦,૦૦૦/– ની રકમનું થયેલુ." આમ, પ્રતિવાદીએ કરારમાંની પોતાની સહી તથા ફોટો ઓળખી બતાવેલ છે. તે કરારમાં સહી કર્યાનું સ્વિકારેલ છે અને તે કરાર વિરૂદ્ધ ક્યારેય કોઈ વાંધો ઉપાડેલ ન હોવાનું પણ જણાવેલ છે અને તે લખાણ રૂા. ૧૭,૦૦,૦૦૦/– નું થયાનું પણ સ્વિકારેલ છે. આમ, પ્રતિવાદીએ સદરહુ લખાણ કરી આપેલ છે અને તેમાં રૂા. ૧૩,૨૦,૦૦૦/– ઈશા દાઉદને આપવાના હોવાનું અને તે રકમ તથા બીજી જરૂરિયાત હોવાનું જણાવી કુલ રૂા. ૧૭,૦૦,૦૦૦/– લીધા હોવાનું અને તે અંગે ચેક આપેલો હોવાનું પણ સ્વિકારેલ છે. પ્રતિવાદીએ ફક્ત રૂા. ૧,૪૦,૦૦૦/– અને તે પણ માસિક ૬% ના વ્યાજથી લીધા હોવાનું સાબિત કરી શકેલ નથી કે તે રકમ વર્ષ–૨૦૦૯ માં લીધાનું અને વ્યાજ સહિત રૂા. ૪,૦૦,૦૦૦/– વર્ષ–૨૦૧૨ સુધીમાં ચુકવી આપ્યાનું પણ સાબિત કરી શકેલ નથી. વાદીએ પ્રતિવાદી વિરૂદ્ધ કરારમાં જણાવેલ ચેક પરત ફર્યાની ફરિયાદ કરેલ હતી અને તે પહેલા નોટીસ પણ આપેલ હતી. જે નોટીસ બજવા છતાં પ્રતિવાદીએ વાદી વિરૂદ્ધ કોઈ જ કાર્યવાહી કરેલ નથી કે વાદી વ્યાજવટાવનો ધંધો કરતા હોવા સંદર્ભે પણ કોઈ કાર્યવાહી કરેલ નથી. પ્રતિવાદીને સૌપ્રથમ જાણ વાદીએ ધી નેગોશીએબલ

ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ અન્વયે આપેલ નોટીસથી આ બાબતની જાણ થવા છતાં કોઈ કાર્યવાહી કરેલ નથી. આમ, પ્રતિવાદીએ કરાર કરી આપ્યાનું સ્વિકારી લીધેલ છે. વધુમાં, પ્રતિવાદીએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, ચેક રીટર્નની ફરિયાદ દાખલ થયા બાદ વાદી સાથે સમાધાન થયાનું અને તેમાં મકાન વેચાયેથી રકમ ચુકવી આપવાનું કબુલ થયા હોવાનું પણ સ્વિકારેલ છે. પ્રતિવાદીએ કરારમાં ઈશા દાઉદ પાસેથી રકમ લીધી હોવાનું સ્વિકારી લીધેલ છે તેનાથી વિરૂદ્ધનું સાબિત કરવાની જવાબદારી પ્રતિવાદીની હોવા છતાં પ્રતિવાદી પક્ષે સદરહુ ઈશા દાઉદને તપાસેલા નથી કે પ્રતિવાદીની જુબાની સિવાય બીજો કોઈ જ પુરાવો રજુ કરેલો નથી. આમ, પ્રતિવાદી તેમના ઉપર રહેલો સાબિતીનો બોજો નિભાવવામાં નિષ્ફળ ગયા છે. તે સંજોગોમાં વાદીએ સ્પષ્ટપણે સાબિત કરેલ છે કે, પ્રતિવાદીને ઈશાભાઈ દાઉદભાઈ પાસેથી લીધેલી રકમ રૂા. ૧૩,૨૦,૦૦૦/- ચુકવવાની હોય તેમજ વધુ રકમની જરૂરિયાત હોય વાદી પાસેથી રૂા. ૧૭,૦૦,૦૦૦/- હાથઉછીના મળવા માંગણી કરતા વાદીએ ખેતીની ઉપજમાંથી તથા સગાસંબંધીઓ પાસેથી લઈ પ્રતિવાદીને રૂા. ૧૭,૦૦,૦૦૦/- વગરવ્યાજે હાથઉછીના આપેલા. જેથી મારો મુદ્દા નં. ૨ નો જવાબ હકારમાં ઠરાવુ છુ.

(૯.૬) મુદ્દા નં. ૩ ની ચર્ચામાં વાદી પક્ષે સાબિત કરવાનું છે કે, વાદીને પ્રતિવાદી પાસેથી રૂા. ૧૭,૦૦,૦૦૦/- ની રકમ લેણી થયેલ તેના બદલામાં પ્રતિવાદીએ તેમના ખાતાનો ચેક આપેલ અને રૂા. ૧૦૦/- ના સ્ટેમ્પ પેપર ઉપર આ સંદર્ભમાં કરાર કરી આપેલ અને ચેક પરત ફરતા રકમ વસૂલ થયેલ નથી. આ મુદ્દાની ચર્ચા મુદ્દા નં. ૨ માં થઈ ગયેલ છે. વાદીએ તેમની દાવાઅરજી તથા સરતપાસમાં પ્રતિવાદીએ આપેલ ચેક પરત ફર્યાનું જણાવેલ છે અને તે બાદ નોટીસ આપી નોટીસ મળવા છતાં પ્રતિવાદીએ રકમ નહીં ચુકવતા ફરિયાદ દાખલ કરી હોવાનું

જણાવેલ છે. જે ફરિયાદ આ જ કોર્ટમાં ચાલી ગયેલ હતી. પરંતુ ઠરાવ આવે તે પહેલાં પ્રતિવાદી મરણ જતાં ફરિયાદ એબેટ કરવા હુકમ થયેલો છે. પ્રતિવાદી પક્ષે ચેક સ્વિકરાઈ ગયાની તકરાર નથી. તે સંજોગોમાં મુદ્દા નં. ૩ પણ વાદી પક્ષે સાબિત કરેલો હોય મારો મુદ્દા નં. ૩ નો જવાબ હકારમાં ઠરાવુ છુ.

(૯.૭) મુદ્દા નં. ૪ ની ચર્ચામાં વાદી પક્ષે સાબિત કરવાનું છે કે, પ્રતિવાદી પાસેથી રૂા. ૧૭,૦૦,૦૦૦/–, નોટીસ ખર્ચના રૂા. ૨,૦૦૦/– તથા તેના ઉપર ૧૮% મુજબ વ્યાજની રકમ વસૂલ મેળવવા હક્કદાર છે. વાદી પક્ષે કરાર સાબિત કરેલ છે અને તે કરાર મુજબ વાદીને પ્રતિવાદી પાસેથી રૂા. ૧૭,૦૦,૦૦૦/– લેવાના બાકી પડે છે તે સ્પષ્ટપણે સાબિત થયેલ છે. વાદીએ જે નોટીસ ખર્ચની રકમ માંગેલ છે તે નોટીસની ખરીનકલ આંક–૨૦ થી રજુ કરેલ છે. જે નોટીસ વંચાણે લેતાં વાદીએ પ્રતિવાદી દ્વારા આપેલ ચેક પરત ફરતાં તે અનુસંધાને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબની ડીમાન્ડ નોટીસ આપેલ છે. ત્યારબાદ વાદીએ તે અંગેની ફરિયાદ પણ દાખલ કરેલ હતી. જે અગાઉ ચર્ચા કર્યા મુજબ એબેટ થયેલ છે. આમ, વાદીએ ખરેખર નોટીસ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ ની જોગવાઈ મુજબની સ્ટેચ્યુટરી નોટીસ આપેલ છે. જે કાયદા મુજબની નોટીસ હોય તેનો ખર્ચ વાદીને હાલના દાવામાં મળવાપાત્ર નથી. જેથી વાદી નોટીસ ખર્ચના જે રૂા. ૨,૦૦૦/– માંગે છે તે વાદીને મળવાપાત્ર નથી.

વાદી પક્ષે તેમની દાવાઅરજીમાં તથા સરતપાસમાં જણાવેલ છે કે, પ્રતિવાદીએ વાદીની રકમ નિયત સમયમાં આપી દીધી હોત તો વાદી તેનો પોતાની ખેતી તથા ધંધામાં ઉપયોગ કરી શક્યા હોત. પરંતુ પ્રતિવાદીએ પરત ન આપતા વાદીને બીજેથી વ્યવસ્થા કરવી પડી છે. જેથી તે રકમ વાદીએ ૧૮% વ્યાજ સહિત

પરત માંગેલ છે. જો કે, વાદીએ પ્રતિવાદી દ્વારા રકમ ન આપવાથી બીજેથી વ્યવસ્થા કરવી પડી હોય તેવું દર્શાવતો કોઈ દસ્તાવેજ આ કામે રજુ કરેલ નથી કે વાદીને નુકશાન થયુ હોય તેવું દર્શાવતો કોઈ દસ્તાવેજ પણ આ કામે રજુ કરેલ નથી. વાદીની દાવાઅરજી, સરતપાસ તથા કરાર જોતાં વાદીએ પ્રતિવાદીને વગરવ્યાજે હાથઉછીની રકમ આપેલ છે. તે સંજોગોમાં વાદી પ્રતિવાદી પાસેથી વ્યાજ મેળવવા હક્કદાર બનતા નથી. જો કે, પ્રતિવાદીએ વાદીની તરફેણમાં કરાર કરી આપેલો હોવા છતાં રકમ ચુકવી આપેલ નથી. તે સંજોગોમાં સી.પી.સી.ની જોગવાઈ મુજબ વાદીને દાવો દાખલ થયાથી વસૂલ થતા સુધી વાર્ષિક ૬% પ્રમાણે વ્યાજ મંજુર કરવામાં આવે તો ન્યાયોચીત જણાય છે. જેથી મારો મુદ્ધા નં. ૪ નો જવાબ અંશતઃ હકારમાં ઠરાવુ છુ.

(૯.૮) મુદ્ધા નં. ૫ ની ચર્ચામાં પ્રતિવાદી પક્ષે સાબિત કરવાનું છે કે, પ્રતિવાદીએ તેમના જવાબના પેરા. ૧૧ ની વિગતે વાદી પાસેથી વ્યાજે લીધેલ રકમ પરત વાદીને ચુકવી આપેલ છે અને વાદીએ પ્રતિવાદીની મજબુરીનો ગેરલાભ લઈ કોરા સહીવાળા ચેક લીધેલ અને અંગીકરણના કાગળ ઉપર સહી કરાવી લીધેલ.

આ તકરારની ચર્ચા મુદ્ધા નં. ૨ અને ૩ માં થઈ ગયેલ હોય તેનું પુનરાવર્તન ટાળેલ છે. પ્રતિવાદીએ તેમની ઉલટતપાસમાં સ્વિકારેલ છે કે, પ્રતિવાદી વિરૂદ્ધ વાદીએ ચેક રીટર્નની ફરિયાદ દાખલ કર્યા બાદ બંન્ને વચ્ચે સમાધાન થયેલ અને પ્રતિવાદીએ મકાન વેચાયેથી રકમ ચુકવી આપ્યાનું સ્વિકારેલ. જો, પ્રતિવાદીએ વાદીને રકમ ચુકવી આપી હોત તો સમાધાનનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. આમ, પ્રતિવાદી તેમના જવાબના પેરા. ૧૧ ની તકરાર સાબિત કરવામાં નિષ્ફળ ગયા છે. જેથી મારો મુદ્ધા નં. ૫ નો જવાબ નકારમાં ઠરાવુ છુ.

(૯.૯) મુદ્ધા નં. ૬ ની ચર્ચામાં નક્કી કરવાનું છે કે, વાદીનો દાવો સમયમર્યાદામાં

છે કે નહીં. જો કે, વાદીનો દાવો સમયમર્યાદા બહાર હોવાની તકરાર પ્રતિવાદી પક્ષે લીધેલી હોય તે સાબિત કરવાની જવાબદારી પ્રતિવાદી પક્ષ ઉપર છે. વધુમાં, વાદીએ દાવો દાખલ કર્યો ત્યારે રજીસ્ટ્રારશ્રી દ્વારા દાવાનું લીમીટેશન, જ્યુરીશડીક્શન, આંક, સ્ટેમ્પ વિગેરે તપાસીને દાવો રજીસ્ટર્ડ કરેલ છે. તે સંજોગોમાં પણ જો દાવાને લીમીટેશનનો બાધ નડતો હોય તો તે પ્રતિવાદીએ સાબિત કરવું પડે. પ્રતિવાદી પક્ષે તેમના જવાબમાં તકરાર લીધેલ છે કે, પ્રતિવાદીએ વાદી પાસેથી ટુકડે-ટુકડે વર્ષ-૨૦૦૯ માં રૂા. ૧,૪૦,૦૦૦/- લીધેલા અને વર્ષ-૨૦૧૨ સુધીમાં રૂા. ૪,૦૦,૦૦૦/- પરત ચુકવી આપેલ છે. પરંતુ ઉપરોક્ત તમામ તકરાર પ્રતિવાદી સાબિત કરી શકેલ નથી. જ્યારે વાદીએ તેમની દાવાઅરજીમાં જણાવેલ છે કે, વાદીએ પ્રતિવાદીને રૂા. ૧૭,૦૦,૦૦૦/- આપેલા જે પરત ચુકવવા પ્રતિવાદીએ તા. ૫-૨-૧૫ ના રોજનો ચેક લખી આપેલ અને સાથે તા. ૮-૪-૧૪ ના રોજ લેણાનું અંગીકરણનો લેખ લખી આપેલ. આમ, વાદીએ પ્રતિવાદીને તા. ૮-૪-૧૪ ના રોજ રકમ આપેલ હતી તે વખતે જ પ્રતિવાદીએ કરાર કરી આપેલો હતો. જેની સામે જ પ્રતિવાદીએ તા. ૫-૨-૧૫ ના રોજનો ચેક લખી આપેલ હતો. જે ચેક પરત ફરતાં ત્યારથી ફરીથી લીમીટેશન શરૂ થયું ગણાય. જો કે, કરાર તા. ૮-૪-૧૪ થી ગણતાં પણ હાલનો દાવો સમયમર્યાદામાં છે. તે સંજોગોમાં પ્રતિવાદીની તકરાર ટકવાપાત્ર નથી. આમ, વાદીનો દાવો સમયમર્યાદામાં હોય મારો મુદ્દા નં. ૬ નો જવાબ હકારમાં ઠરાવુ છુ.

(૯.૧૦) મુદ્દા નં. ૭ ની ચર્ચામાં નક્કી કરવાનું છે કે, વાદી દાવામાં માંગ્યા મુજબની દાદ મેળવવા હક્કદાર છે કે નહીં. જે નક્કી કરતા પહેલા વાદીએ શું દાદ માંગેલ છે તે જોવુ રહ્યું. જે આ મુજબ છે.

"(૭) (૧) ઉપર દાવામાં વિગતવાર જણાવ્યા મુજબની રકમ રૂપિયા

૧૭,૦૦,૦૦૦/- અંકે રૂપિયા સત્તર લાખ પુરા તથા નોટીસ ખર્ચ રૂપિયા ૨,૦૦૦/- એમ કુલ મળી રૂપિયા ૧૭,૦૨,૦૦૦/- અંકે રૂપિયા સત્તર લાખ બે હજાર પુરા આ દાવો દાખલ થયા તારીખથી વસુલ મળતા સુધી બેંક રેઈટ મુજબના વાર્ષિક ૧૮% વ્યાજ સહીત પ્રતિવાદીની જાત, જંગમ અને સ્થાવર મિલકતોથી એકી રકમે, એકી સાથે અમો વાદીને આ કામના પ્રતિવાદી પાસેથી વસુલ અપાવતું હુકમનામું આ કામના પ્રતિવાદીની વિરૂદ્ધ અને અમો વાદીના લાભમાં કરી આપવા તેમજ-

(૨) આ દાવાનું તમામ ખર્ચ પ્રતિવાદી પાસેથી વસુલ અપાવવા તેમજ-

(૩) આ દાવા અંગે મળી શકતી હરકોઈ યોગ્ય અને અનુરૂપ દાદ અપાવતું હુકમનામું અમો વાદીના લાભમાં તથા પ્રતિવાદીની વિરૂદ્ધ કરી આપવા હુકમ ફરમાવવા અમારી નમ્ર અરજ છે."

અગાઉ મુદ્દા નં. ૪ ની ચર્ચામાં નક્કી થયા મુજબ વાદી પ્રતિવાદી પાસેથી રૂા. ૧૭,૦૦,૦૦૦/- વસુલ મેળવવા હક્કદાર છે. પરંતુ નોટીસ ખર્ચના રૂા. ૨,૦૦૦/- વસુલ મેળવવા હક્કદાર નથી. તે ઉપરાંત વાદી ૧૮% પ્રમાણે નહીં પરંતુ દાવા તારીખથી વસુલ થતા સુધી ૬% પ્રમાણે વ્યાજ મેળવવા હક્કદાર છે. તે સંજોગોમાં તે મુજબ દાદ મંજુર કરવી ન્યાયોચીત બને છે.

પરંતુ, આ કામે ચાલુ દાવે પ્રતિવાદી મરણ ગયા છે અને તેમના વારસોને રેકર્ડ ઉપર લાવવામાં આવેલ છે. જે વારસોએ પ્રતિવાદી દ્વારા આપેલ પુરાવો એડોપ્ટ કરેલ છે. વાદીએ દાવામાં જણાવેલ તમામ વ્યવહાર મરણ ગયેલા પ્રતિવાદી સાથે કરેલ છે. તેમના વારસો સાથે વાદીએ કોઈ વ્યવહાર કરેલો નથી. તે સંજોગોમાં મરણ જનાર પ્રતિવાદીના વારસો અંગત રીતે વાદીને જવાબદાર થતા નથી પરંતુ મરણ જનાર પ્રતિવાદી પાસેથી જે મિલકત વારસોને ગઈ હોય તેટલા

પુરતા જ જવાબદાર બને છે. હિન્દુ સક્સેશન એક્ટની મુળ કલમ–૬ ની જોગવાઈ મુજબ પાયસ (પવિત્ર) જવાબદારી પુત્ર અને પૌત્ર ઉપર મુકવામાં આવેલ હતી. હિન્દુ સક્સેશન (એમેન્ડમેન્ટ) એક્ટ, ૨૦૦૫ થી કલમ–૬ માં સુધારો કરવામાં આવેલ છે અને તેમાં સદરહુ પાયસ જવાબદારી રદ્દ કરવામાં આવેલ છે. તે સંજોગોમાં પ્રતિવાદીના વારસોની પવિત્ર જવાબદારી રહેતી નથી. પરંતુ પ્રતિવાદી પાસેથી મળેલી મિલકતમાંથી વાદી તેમની રકમ વસુલ મેળવવા હક્કદાર બને છે. જેથી તે રીતે વાદી તેમના દાવામાં માંગેલી દાદ મેળવવા હક્કદાર બનેલા છે. વધુમાં વાદીને હાલનો દાવો પ્રતિવાદીના કસુરના કારણે દાખલ કરવો પડેલો હોય દાવા ખર્ચની રકમ વસુલ મેળવવા પણ વાદી હક્કદાર બને છે. આમ, વાદી રૂા. ૧૭,૦૦,૦૦૦/– દાવા તારીખથી વસુલ થતા સુધી વાર્ષિક ૬% વ્યાજ સાથે મૈયત પ્રતિવાદીની તેમના વારસો પાસે ગયેલી મિલકતમાંથી ખર્ચ સહિત વસુલ મેળવવા હક્કદાર હોવાની દાદ મેળવવા વાદી હક્કદાર બને છે. જેથી મારો મુદ્દા નં. ૭ નો જવાબ અંશતઃ હકારમાં ઠરાવુ છુ.

(૧૦) આમ, ઉપરોક્ત ચર્ચાને અંતે વાદી પ્રતિવાદીના વારસોને પ્રતિવાદી પાસેથી મળેલી મિલકતમાંથી રૂા. ૧૭,૦૦,૦૦૦/– દાવા તારીખથી વસુલ થતા સુધી વાર્ષિક ૬% વ્યાજ સહિત તથા દાવા ખર્ચ સહીત વસુલ મેળવવા હક્કદાર બનતા હોય તે મતલબનું હુકમનામું કરવુ ન્યાયોચીત જણાય છે. જેથી મુદ્દા નં. ૮ પરત્વે મારો આખરી હુકમ નીચે મુજબ કરૂ છુ.

**॥ <u>હુકમ</u> ॥**

– વાદીનો દાવો અંશતઃ મંજુર કરવામાં આવે છે.

– આથી ઠરાવવામાં આવે છે કે, વાદી ગુજરનાર પ્રતિવાદીના દાવામાં જોડેલા

વારસો પાસેથી રૂા. ૧૭,૦૦,૦૦૦/- તે વારસોને પ્રતિવાદી પાસેથી મળેલી મિલકત પુરતા દાવા તારીખથી વસુલ થતા સુધી વાર્ષિક ૬% વ્યાજ સહિત વસુલ મેળવવા હક્કદાર છે.

- આથી હુકમ કરવામાં આવે છે કે, ઉપરોક્ત ઠરાવેલ રકમ પ્રતિવાદીના વારસોએ આ હુકમ થયેથી દિન-૬૦ માં ચુકવી આપવી.

- હાલના દાવાનું વાદીનું તથા પ્રતિવાદીનું તમામ ખર્ચ પ્રતિવાદીએ ભોગવવું.

- હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજ તા. ૧૧મી માહે માર્ચ સને ૨૦૨૦ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

ધોરાજી.
તા. ૧૧-૩-૨૦૨૦.

**(સચીન પ્રતાપરાય મહેતા)**
એડીશનલ સીનીયર સીવીલ જજ,
ધોરાજી.
કોડ નં. જીજે૦૦૯૩૪

Self